રજૂ તારીખ : ૦૪.૦૨.૨૦૨૬
દાખલ તારીખ : ૦૪.૦૨.૨૦૨૬
ફેંસલ તારીખ : ૦૯.૦૩.૨૦૨૬

| અવધિ | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦ | ૧ | ૫ |

આંક–..........

**સુરતના મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ,**
**મુ.સુરત**

**દીવાની પરચુરણ અરજી (ડીસી) નં.૩૧/૨૦૨૬**

અરજદારઃ **મિનેશભાઈ છગનભાઈ પટેલ**
**તે મરહૂમ વાલીબેન તે ગાંડાભાઈ દલપતભાઈના**
**વિધવાના કાયદેસરના વીલ આધારે વારસદાર,**
ઉં.આ.૫૯ વર્ષ, ધંધોઃ ખેતી,
રહેવાસીઃ ધર્મભક્તિ, એ/૧, પૃથ્વી રો હાઉસ,
પન્ના ટાવર સામે, અજરામર ચોક,
અડાજણ, સુરત.

વિરુદ્ધ

સામાવાળાઓઃ(૧) **રમેશભાઈ ગાંડાભાઈ પટેલ,**
ઉં.આ.૫૯ વર્ષ, ધંધોઃ ખેતી,

(૨) **જયમન ગાંડાભાઈ પટેલ,**
ઉં.આ.૫૪ વર્ષ, ધંધોઃ ખેતી,

નં.૧ અને ૨ રહેવાસીઃ
મોટીફળી, પાલ, તા.સિટી, જિ.સુરત.

(૩) **જગજીવન માધવભાઈ પટેલ,**
ઉં.આ.૬૮ વર્ષ, ધંધોઃ ખેતી,

(૪) **વિમલભાઈ ખંડુભાઈ પટેલ,**
ઉં.આ.૫૧ વર્ષ, ધંધોઃ ખેતી,

નં.૩ અને ૪ રહેવાસીઃ
પ૨૬–પ૨૭, સડક સ્ટ્રીલ, મોજે ગામ પાલ,
તા.સિટી, જિ.સુરત.

**વિષયઃ દીવાની કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪ અન્વયે ટ્રાન્સફર અરજી.**

અરજદાર તરફે વિ.વકીલશ્રી એ.આર.પટેલ
સામાવાળાઓ ગેરહાજર.

## ચૂકા દો

**(૧)** અરજદારે રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૧૫૬/૨૦૦૧ તેમજ રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૧૨૭૦/૨૦૧૫ ને એક જ કોર્ટમાં ચલાવવા ટ્રાન્સફર કરવા માટે હાલની અરજી કરેલ છે.

**(૨)** અરજદારની હાલની અરજી અન્વયે આ કામના સામાવાળાઓને નોટિસ ઈસ્યુ કરવામાં આવેલ; તેમ છતાં તેઓ જાતે કે તેમના પ્રતિનિધિ મારફત આ અરજીની સુનાવણી દરમ્યાન હાજર રહેલ નથી.

(૩) અરજદારની અરજીની વિગતો તેમજ તેમના વિ.વકીલશ્રી તરફે કરવામાં આવેલ રજૂઆત ધ્યાને લેતાં એવું જણાઈ આવે છે કે, સુરત જિલ્લાના અડાજણ તાલુકાના મોજે ગામ પાલના બ્લોક નં.૨૮૭ ની હે.આરે.ચો.મી. ૦-૫૯-૬૯ વાળી જૂની શરતની ખેતીની જમીન અંગે અરજદારે સામાવાળાઓ વિરુદ્ધ રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૧૨૭૦/૨૦૧૫ દાખલ કરેલ, જે હાલમાં સુરતના વિ.૫મા એડિશ્નલ સિનીયર સિવિલ જજશ્રીની કોર્ટમાં પેન્ડીંગ છે. ઉપરોક્ત મિલકત સંબંધે જ સામાવાળા નં.૧ અને ૨ નાઓએ અરજદાર વિરુદ્ધ રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૧૫૬/૨૦૦૧ દાખલ કરેલ, જે હાલમાં સુરતના વિ.૨જા એડિશ્નલ સિનીયર સિવિલ જજશ્રીની કોર્ટમાં પેન્ડીંગ છે. સદર બંને દાવા સમાન પક્ષકારો દ્વારા સમાન મિલકત સંદર્ભે સામસામે કરવામાં આવેલ છે, જે બંને દાવા હાલ ઉપર જણાવેલ જુદી જુદી કોર્ટમાં પેન્ડીંગ છે. અલગ-અલગ કોર્ટોમાં ચાલતા કેસોમાં અલગ-અલગ તારીખોએ પક્ષકારો તથા શાહેદોને હાજર રહેવાના પ્રસંગે તેઓને હાડમારીનો સામનો કરવો પડે. વિશેષમાં સમાન હકીકતો હોવા છતાં અલગ-અલગ કોર્ટોમાં ચાલતા કેસોમાં અલગ-અલગ ચૂકાદાઓ આવે તો અયોગ્ય સ્થિતિ સર્જાય તેવી પણ શક્યતા રહે છે. જેથી ઉપરોક્ત બંને દાવાનું સ્વરૂપ તેમજ આ કોર્ટ દ્વારા કરવામાં આવેલ ઉપરોક્ત નિરિક્ષણોને ધ્યાને લેતાં તેમજ અદાલતના તારણોમાં વિરોધાભાસ ન આવે, કોઈ પણ પક્ષકારને અન્યાય ન થાય તેમજ નામદાર કોર્ટનો અને પક્ષકારોના સમયનો બચાવ થાય તે હેતુથી ઉપરોક્ત બંને દાવાઓ હાલમાં જે અલગ-અલગ કોર્ટોમાં ચાલે છે, તેને બદલે એક જ કોર્ટમાં ચલાવવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોઈ, હું નીચે મુજબ હુકમ કરવો વાજબી માનું છુંઃ-

**<u>હુકમ</u>**

૧. અરજદારની દીવાની પરચુરણ અરજી (ડીસી) નં.૩૧/૨૦૨૬ આથી **મંજૂર** કરવામાં આવે છે.

૨. સુરતના વિ.૫[મા] એડિશ્નલ સિનીયર સિવિલ જજશ્રીની કોર્ટમાં ચાલતા **રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૧૨૭૦/૨૦૧૫** ને આગળની ન્યાયિક કાર્યવાહી માટે સુરતના વિ.૨[જા] એડિશ્નલ સિનીયર સિવિલ જજશ્રીની કોર્ટમાં ટ્રાન્સફર કરવા હુકમ કરવામાં આવે છે.

**૩.** ભવિષ્યમાં વહીવટી કારણોસર કેસ ટ્રાન્સફર કરવાનો હુકમ કરવામાં આવે ત્યારે ઉપરોક્ત બંને દાવાઓ એટલે કે રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૧૫૬/૨૦૦૧ તથા રેગ્યુલર દીવાની મુકદ્દમા નં.૧૨૭૦/૨૦૧૫ અલગ ન પડે, તે માટે જરૂરી તકેદારી રાખવા સંબંધિત કોર્ટના બેન્ચ ક્લાર્કને સૂચના આપવામાં આવે છે.

**૪.** આ હુકમની જાણ સંબંધીત કોર્ટોને, સંબંધીત પક્ષકારોને તેમજ અત્રેની કોર્ટની જ્યુડિશિયલ બ્રાન્ચને કરવી.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૯[મી]** માહે **માર્ચ**, સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/–
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
મુખ્ય જિલ્લા ન્યાયાધીશ,
સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP